## પ્રધાનમંત્રી જન આરોગ્યટ યોજના- મુખ્યહમંત્રી અમૃતમ યોજના

(“પી.એમ.જે.એ.વાય. –મા” યોજના)

- ગુજરાત રાજ્યના તમામ જીલ્લાયઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના તા.૪/૯/૨૦૧૨થી અમલમાં મુકેલ.
- રાજય સરકારે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાનો વ્યાપ વધારી મધ્યમ વર્ગના પરિવારો માટે મુખ્યમંત્રી અમૃતમ “મા વાત્સલ્ય” યોજના તા. ૧૫/૦૮/૨૦૧૪ અમલી કરેલ.
- આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરી વિસ્તારો માટે નિયત માપદંડો ધરાવતા સામાજિક , આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ની યાદીમાં સમાવિષ્ટ પરિવારોને કુટુંબ દીઠ વાર્ષિક રૂ. ૫ (પાંચ) લાખ સુધીનું આરોગ્ય કવચ પૂરું પાડવા માટે તા. ૨૩/૦૯/૨૦૧૮ થી અમલી કરેલ છે.

યોજનાનો લાભ: -

- કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ રૂ. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ) સુધીની કેશલેસ સારવાર.
- સેકન્ડરી તેમજ ટર્શરી બિમારોની કુલ- ૨૬૮૧ નિયત કરેલ પ્રોસીજર માટે ઉત્તમ પ્રકારની કેશલેસ સારવાર.
- યોજના હેઠળ કુટુંબનાં સભ્યોની મર્યાદા વગર , બધા જ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે. ૧લી માર્ચ, ૨૦૧૯થી રાજય સરકારની "મા" તથા “મા વાત્સલ્ય” યોજનાના લાભાર્થી આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળવાપાત્ર રૂ. ૫ (પાંચ)નો લાભ મળવાપાત્ર છે. પરંતુ તેઓને કોઈપણ એક જ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. તેમજ ઉક્ત યોજનામાં મળવાપાત્ર લાભ સમાન રહેશે.
- તા.૦૫/૦૮/૨૦૨૧ના રોજ થયેલ ઠરાવથી "મા" તથા "મા વાત્સનલ્ય" યોજના અને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાને “પી.એમ.જે.એ.વાય. –મા” યોજનાનું સંયુક્ત નામ આપવામાં આવેલ છે.

<u>યોજનાનો હેતુ: -</u>

- યોજના હેઠળ લાયકાત ધરાવતા લાભાર્થી પરિવારો પોતાની પસંદગી વાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી ગુણવત્તાયુક્ત સારવાર તદ્દન મફત મેળવી શકે.

<u>લાભાર્થીઓ:-</u>

- "મા" યોજના: - ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો.

- "મા વાત્સલ્ય" યોજના: -
  - ✓ વાર્ષિક રૂ. ૪.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો
  - ✓ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો.
  - ✓ માન્ય પત્રકારો.
  - ✓ રાજ્ય સરકારના વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓ.
  - ✓ યુ-વીન કાર્ડ ધારકો.
  - ✓ વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનો.
  - ✓ જુદા જુદા જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી તથા બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીઓ
  - ✓ સામાજિક રીતે વંચિત જૂથ (વૃદ્ધાશ્રમના વૃધ્ધો , અનાથ આશ્રમના બાળકો , વિધવાશ્રમની વિધવાબહેનો અને ત્યક્તાઓ ,સાત્વિક જીવન જીવતા સાધુ-સંતો, માનસિક રોગીઓ તેમજ નિ:સહાય લોકો )
  - ✓ પીડિતોનું ગ્રુપ (ગુજરાત વિકટીમ કોમ્પસેશન સ્કીમ-૨૦૧૯ના અસરગ્રસ્તો- રેપ વિકટીમ, એસિડ વિકટિમ, જાતિય હિંસાના ગુનાઓ જેવા બનાવોના અસરગ્રસ્તો)
  - ✓ કોરોના વોરિયર્સના કુટુંબો (પોલીસ, સફાઈ કામદાર અને આરોગ્ય કર્મચારી)
  - ✓ કોરોના સમયગાળામાં અનાથ બનેલ બાળકોનો સમાવેશ

- આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના : -
  - ✓ સામજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ અંતર્ગત નોંધાયેલ ગ્રામ્ય અને શહેરી વિભાગના કુલ ૪૩.૮૪ લાખ પરિવારો (અંદાજીત ૨.૦૭ કરોડ વ્યક્તિ) નો સમાવેશ.

યોજનાની માહિતી: -

- યોજના હેઠળ પ્રાથમિક , સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે પેકેજ નિયત કરી , નિયત કરેલ પેકેજ અને તેના દર મુજબ સારવાર ઉપલબ્ધ. જેમાં આંખના રોગો , કાન, નાક અને ગળાના રોગો, સ્ત્રી રોગ , માનસિક રોગો , હૃદયના રોગો , કીડનીના રોગો , મગજના રોગો , ગંભીર ઇજાઓ, નવજાત શિશુઓને લગતા ગંભીર રોગો , કેન્સર, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટ , કિડની અને લિવરના ટ્રાન્સપ્લાન્ટેશન વિગેરે માટે સારવાર મળવાપાત્ર છે.

- યોજના હેઠળ તમામ સોફ્ટવેરનું એકત્રિકરણ કરેલ છે. જેમાં ભારત સરકારના "પી.એમ.જે.એ.વાય."ના સોફ્ટવેર થકી લાભાર્થીઓને યોજનાના તમામ લાભ આપવાનું નક્કી કરેલ છે. "મા" તથા "મા વાત્સાલ્ય"યોજનાના લાભાર્થીઓને અગાઉ આખા પરિવાર દીઠ એક કાર્ડ આપવામાં આવતું હતું. તેના બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવામાં આવે છે. જેથી "મા" તથા "મા વાત્સમલ્ય યોજનાના તમામ કાર્ડને "પી.એમ.જે.એ.વાય." કાર્ડમાં નોંધણી કરાવવાની થાય છે.

- "પી.એમ.જે.એ.વાય.-મા" યોજના હેઠળ નોંધણી માટે યોજના સાથે જોડાયેલ હોસ્પિટલો , CSC, E Gram, UTI-ITSL સેન્ટરમાંથી તેમજ તાલુકા અને શહેરી કક્ષાએ (n)Code Agency centers પરથી લાયકાત ધરાવતા લાભાર્થીઓ પી.એમ.જે.એ.વાય."ની પધ્ધતિ અનુસાર વિના મૂલ્યે કાર્ડ મેળવી શકે.

- યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિરટલ ખાતે સારવાર હેતુ આવવા- જવાના ભાડા પેટે રૂ. ૩૦૦/- ચુકવવામાં આવે છે.

- તા. ૦૧.૦૭.૨૦૨૧થી ઇન્સ્યોરન્સ કંપની થકી રૂ.૫.૦૦ લાખ સુધીનો પ્રતિ લાભાર્થી કુટુંબદીઠ પ્રતિ વર્ષ વીમો આપવા સરકાશ્રીએ નક્કી કરેલ છે. જેમા ૧૮ જીલ્લાઓ માટે બજાજ એલિઆન્ઝ જનરલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ અને ૧૫ જીલ્લાઓ માટે ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડને નિયુક્ત કરેલ છે.

- રાજ્ય સરકારે લાભાર્થીને આવકનો દાખલો સરળતાથી મળી રહે તે હેતુથી રાજ્યમાં ઇ કેન્દ્ર થકી ઇશ્યુ કરેલ તલાટી કમ મંત્રીના આવકના દાખલા "પી.એમ.જે.એ.વાય. – મા" માટે તા. ૦૫.૧૦.૨૧ના રોજ અધિકૃત કરેલ છે. જે આવકના પ્રમાણ પત્ર ત્રણ વર્ષ માટે માન્ય કરેલ છે.

- રાજ્ય સરકારે “પી.એમ.જે.એ.વાય. – મા” યોજના  હેઠળ રાજ્યના ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો તેમજ મધ્યમ વર્ગના કુલ અંદાજિત ૮૦ લાખ કુટુંબો એટલે કે , ૪.૦૦ કરોડ વ્યક્તિઓને રૂ. ૫(પાંચ) લાખનો વિમા કવચ સાથે આવરી લેવાનો લક્ષાંક નિર્ધારીત કરેલ છે. હાલમાં યોજના હેઠળ કુલ ૧.૦૮ કરોડ (તા.૨૦.૧૨.૨૧ સુધી) લાભાર્થીની આયુષ્માન કાર્ડ માટે નોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.

યોજનાની વધુ જાણકારી મળી રહે તે માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૨ તેમજ તથા જીલ્લા કક્ષાએ જીલ્લા આરોગ્ય કચેરીનો સંપર્ક કરશો. યોજનાની માહિતી માટે https://ma.gujarat.gov.in / https://pmjay.gov.in/ વેબસાઇટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.